# "આપણને વૃક્ષારોપણની સાથે વૃક્ષ ઉછેરની પણ જરૂર છે..."

ગાંધીનગર, તા. ૨૧

બુધવારના અખબારોમાં આવેલા બે સમાચારો વાંચીનો ચોંકી જવાયું..! અરે રીતસર મન ઉદાસીમાં ગરકાવ થઈ ગયુ..! એક સમાચાર એવા છે કે ગ્રીન ગાંધીનગર, આપણાં હરીયાળા ગાંધીનગરમાં જીવલેણ છે.

ચોમાસુ બેસે એટલે ઠેર ઠેર વૃક્ષારોપણ... વૃક્ષારોપણની રમત રમાય. બે-ચાર આગેવાન કહી શકાય તેવાઓને ભેગા કરી પાંચ-સાત વૃક્ષો વાવી દીધા અને તેના ફોટા અખબારોમાં છપાવી, ફેસબુક-ઈન્સ્ટા પર

## ટાઈમ પ્લીઝ

સલ્ફર ડાયોકસાઈડની માત્રા ભયજનક સપાટી પર પહોંચી છે. બીજા સમાચાર છે આઈસલેન્ડમાં ૭૦૦ વર્ષ જૂનુ ગ્લેશિયર ખતમ થઈ ગયુ.

કાશ્મીર-પાકિસ્તાન અંગેના જોમ-જોશભર્યા સમાચારોની વચ્ચે આ સમાચારોએ એકાએક જ દેશની-ભારતની ખરી સમસ્યા તરફ ધ્યાન દોર્યુ.

વોટ્સએપ, ઈન્સ્ટા, ફેસબુકની આભાસી દુનિયામાંથી બહાર આવી પર્યાવરણ અંગેની આ સમસ્યાઓ તરફ ધ્યાન નહી અપાય તો એના પરિણામો એટલા ભયંકર હશે કે એની આપણે કલ્પના પણ કરી શકીએ એમ નથી. ચારેબાજુ લીલીછમ હરિયાળી જોઈને આપણે ભલે મનોમન હરખાતા હોઈએ પરંતુ હકીકત સાવ જુદી જ છે. તાજેતરમાં પ્રસિદ્ધ કરાયેલા એક અહેવાલમાં જણાવાયું છે કે ભારતમાં એસઓટુ (સલ્ફર ડાયોકસાઈડ) વાયુનું પ્રમાણ ૧૫ ટકા જેટલુ ચિંતાજનક છે. જેમાં ભારતના ૪૫ હોટ સ્પોટ પૈકી છ ગુજરાતના છે. જેમાં ગાંધીનગરનો સમાવેશ થાય છે. કોલસાના વીજ પ્લાન્ટ દ્વારા ફેલાતો આ વાયુ ખરેખર

અપલોડ કરી આપણે વૃક્ષારોપણ કર્યાનો સંતોષ માની લઈએ છીએ. પરંતુ ખરેખર જરૂર વૃક્ષારોપણની નહી, વૃક્ષ ઉછેરની છે. આપણે જેટલી કાળજીથી આપણા બાળકો ઉછેરીએ છીએ એટલી કાળજીથી જ્યાં સુધી વૃક્ષોને નહી ઉછેરીએ ત્યાં સુધી 'પર્યાવરણ બચાવો'ની ઝુંબેશ નકામી છે.

વિકાસ થવો જોઈએ એની ના નહી પરંતુ પર્યાવરણના ભોગે નહી જ... વિચારો તો ખરાં એક સમયે આપણાં જ ગાંધીનગરમાં માથાદીઠ એકવીસ વૃક્ષો હતા. હવે રહ્યા છે માત્ર ત્રણ..! વાહ કેવો સરસ વિકાસ અને વિસ્તાર..!

વિશ્વનો, દેશને અનો પ્રાંતને બચાવવાની વાત તો બહુ દૂર છે શરૂઆત અહીંથી જ, આપણાં આંગણાથી, આપણા શહેરથી કરવી પડશે..! એકવીસ નહી તો માથાદીઠ અગિયાર વૃક્ષોનુ સ્તર તો આપણે પહોંચાડીએ જ શકીએ ને..! આવનારી પેઢી આપણી જ છે અને આપણે તેને કમસેકમ સ્વચ્છ પર્યાવરણની ભેટ તો આપી જ શકીએ... કારણ કે શાહમૃગની જેમ રેતીમાં મોઢુ નાંખી દેવાથી પ્રશ્નો-સમસ્યાઓ હલ નહી થાય..!

# ઉનાવા પ્રા.આ. કેન્દ્રમાં રૂફટોપ કીચન ગાર્ડનમાં સજીવ ખેતીનો સફળ પ્રયોગ



ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં ઉનાવા પ્રા.આ. કેન્દ્ર ખાતે ઈકો ફ્રેન્ડલી કિચન ગાર્ડનના નવા વિચાર સાથે અમલમાં મુકાયેલ આ પાયલોટ પ્રોજેક્ટને ભારત સરકારે બિરદાવ્યો છે.

ઉનાવા પ્રા.આ. કેન્દ્ર ખાતે રૂફટોપ કિચન ગાર્ડન બનાવવામાં આવેલ છે તેમાં ઉત્પાદિત થતા શાકભાજી કેન્દ્રના દર્દીઓને વિતરણ કરવામાં આવે છે. સજીવ ખેતી પદ્ધતિથી આ શાકભાજીનું ઉત્પાદન મેળવવામાં આવે છે તેવો દાવો જિલ્લા આરોગ્ય તંત્રએ કર્યો છે.

ક્વોલીટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ અને આયુષ્યમાન ભારત કાર્યક્રમ અંતર્ગત પ્રા.આ. કેન્દ્ર ઉનાવા ખાતે વેજીટેબલ રૂફ ગાર્ડન એન્ડ ઈકો ફ્રેન્ડલી કીચન ગાર્ડનનો પ્રોજેક્ટ સોલીડ લીક્વીડ રીસર્ચ મેનેજમેન્ટ સંસ્થા વેલોર, તામિલનાડુના માર્ગદર્શન હેઠળ તા. ૨૯-૨-૧૯ના રોજ શરૂ કરવામાં આવેલ હતો. પ્રા.આ. કેન્દ્ર કક્ષાએ આયુષ્યમાન ભારતના હેલ્થ એન્ડ વેલનેસ કાર્યક્રમ અંતર્ગત સર્વગ્રાહી આરોગ્યની પ્રાથમિક સંભાળમાં બિનચેપી રોગો જેવા કે કેન્સર, ડાયાબીટીસ અને હાયપર ટેન્શનનું પ્રમાણ પ્રતિ દિન વધી રહેલ છે તેમજ કુપોષણ અને ખાસ કરીને મહિલાઓમાં પાંડુરોગનું પ્રમાણ ઘટાડવા માટે જંતુનમાશક દવાઓ વિહિન આપણાં જ ઘર આંગણે આપણા માટે ખૂબ જ ઓછા ખર્ચે શાકભાજીનું ઉત્પાદન કરી નિરામય બનીએ તે અન્વયે મકાનના ધાબા પર રૂફટોપ કિચન ગાર્ડન અને ઘરની આસપાસની જગ્યા પર ઈકો ફ્રેન્ડલી કિચન ગાર્ડન બનાવવા લોક જાગૃતી કેળવાય તે માટે ઉનાવા પ્રા.આ. કેન્દ્રના ધાબા પર રૂફ ટોપ કિચન ગાર્ડન તેમજ પ્રા.આ. કેન્દ્રમાં આવેલી જગ્યા પર ઈકો ફ્રેન્ડલી કિચન ગાર્ડન બનાવવા માટે આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના કમિશ્નર ડૉ. જયંતી રવી મેડમ દ્વારા અંગત રસ લઈ ઉનાવા ખાતે વારંવાર મુલાકાત લીધેલ અને જરૂરી માર્ગદર્શન આપેલ. આ ઉપરાંત આ ગાર્ડન બન્યા પછી ગાંધીનગર અને રાજ્યના તમામ જિલ્લાઓના ઉચ્ચ આરોગ્ય અધિકારીઓને ઉનાવા ખાતે મુલાકાત કરાવેલ અને તમામ જિલ્લાઓમાં લોક જાગૃતિ માટે સરકારી આરોગ્યની સંસ્થાઓમાં આ પ્રકારના રૂટ ટોપ કિચન ગાર્ડન અને ઈકો ફ્રેન્ડલી કિચન ગાર્ડન બનાવવી ક્લિન એન્ડ ગ્રીન ગુજરાત બને તેમ જણાવેલ.

આ ગાર્ડનમાં વિવિધ પ્રકારની લીલા પાંદડાવાળી શાકભાજીના ઉછેર માટે ૪૦ ટકા ગાયનું છાણ, ૪૦ ટકા ગામની માટી તથા ૨૦ ટકા જીણી રેતી (બારીક, ભોગાત)નો ઉપયોગ કરવામાં આવેલ અને કોઈ પણ પ્રકારના રાસાસયણીક ખાત કે જંતુનાશક દવાનો ઉપયોગ કરવામાં આવેલ નથી. ગાય આધારીત જીવામૃતનો (દવા) તરીકેનો ઉપયોગ કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટમાં કોઈપણ પ્લાસ્ટીકનો ઉપયોગ કરવામાં આવેલ નથી તથા નીલગીરી, વાંસ, કાથીની દોરી તથા નળીયા દ્વારા કુદરતી (રીસોર્શ) દ્વારા બનાવવામાં આવેલ છે.



શ્રાવણ માસમાં વરસાદી રમઝટ બાદ વરાપ નીકળ્યો છે અને ફરી એકવાર સૂરજદાદા આકાશે તપતા જોવા મળી રહ્યાં છે. છેલ્લા બે-ત્રણ દિવસમાં વધેલી ગરમીનો અનુભવ નાગરિકોને થઈ રહ્યો છે. શહેરની ફૂટપાથ પર નાનકડાં બાળકોના સ્ટડી ટેબલ વેચતી મહિલા પણ બપોરના સમયે આ ગરમીથી ત્રસ્ત થઈ ફૂટપાથ પર જ મીઠી નીંદર માણતી જોવા મળી હતી.

# શહેરમાં હજુ ભયજનક વૃક્ષો યથાવત નમી પડેલી ડાળીઓ પણ જોખમી

**વરસાદી દિવસોમાં વૃક્ષો ધરાશાયી થવાની સાથે નમી પડેલી તોતિંગ ડાળીઓ પણ જોખમી : વનતંત્ર સર્વે હાથ ધરી યોગ્ય કામગીરી કરે તેવી માંગ**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરના સેકટરોમાં નમી પડેલા અને સુકા વૃક્ષોની સંખ્યા વધુ છે. વરસાદી દિવસો દરમિયાન અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થતા હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. મુખ્યમાર્ગો તેમજ આંતરિક માર્ગો પર વૃક્ષોનુ યોગ્ય ટ્રીમીંગ તેમજ સુકા વૃક્ષોની કટોતી કરવા વનતંત્રએ સર્વે હાથ ધરવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન અવારનવાર વૃક્ષો જમીનદોસ્ત થતા હોવાની ઘટના સામે આવે છે. સેકટરોના આંતરિક માર્ગો તેમજ મુખ્યમાર્ગો પર વરસાદી દિવસોમાં વૃક્ષો જમીનદોસ્ત થતા માર્ગ વચાળે આડશ સર્જાય છે. જયારે વૃક્ષોની તોતિંગ ડાળીઓ પણ ઘણીવાર વરસાદી વાયરામાં નીચે પડકાતા રાહદારીઓ માટે જોખમી સ્થિતિ સર્જાય છે. અગાઉ પણ વનતંત્ર દ્વારા સુકાવૃક્ષો દુર કરવા માટે અભિયાન હાથ ધરાયુ હતુ પરંતુ હજુ પણ શહેરમાં સુકા વૃક્ષોની સંખ્યા વિશેષ છે. શહેરના મુખ્ય માર્ગો સહીતના સેકટરોના આંતરિક વિસ્તારોમાં પણ તોતિંગ વૃક્ષોની નમી પડેલી ડાળીઓ ભયજનક સ્થિતિમાં છે. વરસાદ દરમિયાન સેકટરોમાં વૃક્ષો ધરાશાયી થવા ઉપરાંત વૃક્ષોની નમી પડેલી ડાળીઓ પણ તુટી પડતા રહીશો માથે ખતરો જળુંબી રહ્યો હોવાનુ સ્પષ્ટ થાય છે. શહેરના સેકટરોમાં ટ્રીમીંગ કરવાની કામગીરી છેલ્લા ઘણાં સમયથી બંધ છે. અગાઉ કોર્પોરેશન દ્વારા વૃક્ષોને ટ્રીમીંગ કરવાના મશીનની મદદથી કેટલાક પસંદગીના સ્થળો પર ટ્રીમીંગની કામગીરી કરવામાં આવી હતી. જયારે વનતંત્ર દ્વારા છેલ્લા કેટલાક સમયથી ભયજનક વૃક્ષોની કટોતી તેમજ ટ્રીમીંગની કામગીરી બંધ હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. વનતાંત્રને પણ સેકટરોમાંથી રોજબરોજ વસાહતીઓ દ્વારા સેંકડો ફરિયાદો કરવામાં આવે છે. સેકટરમાં નમી પડેલી વૃક્ષોની ડાળીઓ તેમજ ભયજનક વૃક્ષો દુર કરવા માટે સ્થાનિક સેકટરવાસીઓ દ્વારા અનેકવાર રજુઆત પણ કરવામાં આવે છે. શહેરમાં વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી પણ હજુ ઘણાં બધા ઠેકાણે બાકી છે. બીજીતરફ ભયજનક વૃક્ષો પણ અસ્તિત્વ ધરાવે છે. ત્યારે આ મામલે વનતંત્રએ સર્વે હાથ ધરી યોગ્ય કાર્યવાહી હાથ ધરવાની અનિવાર્યતા છે નહીંતર ગમે ત્યારે કોઈ રાહદારી અકસ્માતનો ભોગ બને તેવી દહેશત છે.

# શહેરના મુખ્યમાર્ગો પર ફુટપાથની ટાઈલ્સો તુટીને વેરવિખેર થઈ

**ચ માર્ગ પર ચ-૫ થી જિલ્લા પંચાયત તરફ જવાના માર્ગ આસપાસની ફુટપાથમાં ગાબડા**



ગાંધીનગર તા ૨૧

ચ માર્ગ પર ફુટપાથનુ વરસાદમાં ધોવાણ થતા વોક વે બેસી ગયો છે. ચ માર્ગ પર જિલ્લા પંચાયત તરફ જવાના માર્ગ પર ફુટપાથ બેસી ગઈ છે. ફુટપાથના બ્લોક પણ તુટીને વેરવિખેર થઈ ગયા છે. શહેરમાં ફુટપાથના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. પરંતુ જાળવણીના અભાવે ફુટપાથ સુવિધાના બદલે દુવિધારૂપ બની છે. શહેરના મોટાભાગના માર્ગો પર વોક વે ની હાલત અત્યંત બદતર છે. અગાઉ સે-૨૬ કિસાન નગરની ફુટપાથ પણ જમીનમાં ઘુસી ગઈ હતી. જયારે હાલ શહેરના મુખ્ય માર્ગ પર ફુટપાથ પર ગાબડા જોવા મળી રહ્યા છે.

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન માર્ગોનુ ધોવાણ થયુ છે. જયારે માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો થતા જ રસ્તાઓ પર ડામરની કાંકરીઓ ઉખડેલી નજરે પડે છે. માર્ગોની સાથે ફુટપાથનુ

● અનુસંધાન પાન-૭ પર

# વિપક્ષના નેતાના પુત્ર જયરાજસિંહનો મૃતદેહ જાસપુર કેનાલમાંથી મળ્યો

**મરતાં પહેલાં પિતરાઈ ભાઈને ફોન ઉપર કહ્યું, છેલ્લીવાર મારું મોં જોવું હોય તો નભોઈ કેનાલ આવી જાવ : શહેર-ગામ અને જિલ્લામાં શોકની લાગણી : અંતિમ યાત્રામાં વિશાળ સંખ્યામાં તમામ વર્ગના અગ્રણીઓ જોડાયા**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગરપાલિકાના વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાના પુત્ર જયરાજસિંહ બિહોલા જે ૨૦મીની રાતથી લાપત્તા બન્યા હતા તેમનો મૃતદેહ આજે જાસપુર નજીકથી મળી આવતાં પાલજ ગામ અને શહેરભરમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

ગઈકાલે જયરાજસિંહ બિહોલાનુ બાઈક અને ચંપલ નર્મદા કેનાલ નજીકથી મળ્યા હતા જેને પગલે દિવસભર તે અંગે ભારે શોધખોળ કરવામાં આવી હતી.

આજે સવારે જયરાજસિંહનો મૃતદેહ જાસપુર નજીકથી કલોલ ફાયરબ્રિગેડની ટીમને મળ્યો હતો જે મૃતદેહની ઓળખ તેમના નજીકના સ્વજનોએ કરી હતી. આ પછી કલોલ ખાતે પોસ્ટમોર્ટમ અને અન્ય વિધિ પતાવી પરિવારજનો પાલજ ખાતે મૃતદેહને લઈ આવ્યા હતા.

જયરાજસિંહ બિહોલાના અચાનક અવસાનના સમાચાર મળતાં જ સમગ્ર ગામ હિબકે ચડ્યુ હતુ. પાલજ ખાતેથી સ્વ. જયરાજસિંહની અંતિમ યાત્રા નીકળી હતી.

સ્વ. જયરાજસિંહ બિહોલાની અંતિમ યાત્રામાં મનપાના કાઉન્સીલરો, રાજકીય પક્ષોના જિલ્લા શહેર અને પ્રદેશના આગેવાનો, સહકારી આગેવાનો, કર્મચારી આગેવાનો, વેપારી આગેવાનો, યુવા સંગઠ્ઠનોના અગ્રણીઓ, પત્રકારો, અધિકારીઓ, માર્ગ-મકાન વિભાગના પૂર્વ કર્મયોગીઓ, ગ્રામજનો તેમજ શિક્ષણ જગતના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

સ્વ. જયરાજસિંહ બિહોલા સ્વભાવે મૃદુ અને મિલનસાર હોવાથી તેણે પણ પોતાની આગવી ઓળખ બનાવી હતી. સ્વ. જયરાજસિંહ બિહોલાના ગત વર્ષે જ લગ્ન થયા હતા. સ્વ. જયરાજસિંહ



બિહોલાના અકાળે અવસાનના સમાચાર આજે શહેર અને જિલ્લામાં વાયુવેગે પ્રસરતા ભારે શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

# ગાંધીનગર જિલ્લા પંચાયતની ૨૯મીએ ખાસ સામાન્ય સભા બોલાવાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા આગામી ૨૯મી ઓગષ્ટના રોજ બોલાવવામાં આવી છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલ (ચૌધરીના અધ્યક્ષપદે મળનારી આ ખાસ સામાન્ય સભા અંગેનો એજન્ડા આજે સભ્યોને મોકલી આપવામાં આવ્યો છે.

જિલ્લા પંચાયતની એકાએક ખાસ સામાન્ય સભા બોલાવવામાં આવતાં જિલ્લાના રાજકીય વર્તુળોમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે. પ્રાપ્ત થતી વિગતો મુજબ શાળાઓના એકીકરણ અંગે શિક્ષણ વિભાગ દ્વારા હાથ ધરાયેલ કવાયતનો વિરોધ કરતો પ્રસ્તાવ પસાર આ સામાન્ય સભામાં કરવામાં આવશે.

કોંગ્રેસ પક્ષના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ખાસ સામાન્ય સભા બોલાવવાનો અમારો અધિકાર છે અને ખર્ચ અધિકારની મર્યાદામાં રહીને જ ખાસ સામાન્ય સભા બોલાવી છે.

# શહેરના સેકટરોમાં ગાય, ગારા અને ગંદકીનુ સામ્રાજય

**બંધ સ્ટ્રીટ લાઇટ, રખડતા ઢોર, કચરાના ઢગ સહીતની જટીલ સમસ્યાથી ઘેરાયેલા સેકટરોમાં રહીશોના આરોગ્ય અને સલામતી સામે ખતરો**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરના સેકટરો હાલ વરસાદી સમસ્યાથી ત્રસ્ત છે. સેકટરોમાં ગાય ,ગારો અને ગંદકીનુ સામ્રાજય છે. સેકટરોની શેરીઓમાં કચરાના ઢગ ખડકાયા છે. જયારે પાંગરતી ગંદકી વચ્ચે મચ્છરોનો ઉપદ્રવ પણ વધી રહ્યો છે. રખડતા ઢોર અને બંધ સ્ટ્રીટ લાઈટના લીધે અંધારપટ્ટમાં લપેટાયેલા સેકટરોમાં ગંદકી ઉલેચવા અને આમ નાગરિકોને અડફેટે લેતા રખડતા ઢોરનો નિયંત્રણમાં લેવાની કામગીરી સદંતર વિસરાઈ ગઈ હોય તેવી સ્થિતિ વચ્ચે સેકટરવાસીઓ માથે ડગલે ને પગલે અસલામતી અનુભવી રહ્યા છે.

ગાંધીનગરમાં વરસાદી સિઝન વચ્ચે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. સેકટરમાં વરસાદી સમસ્યાઓ પણ ડગલે ને પગલે જોવા મળી રહી છે. ઉગી નિકળેલી વનસ્પતિ અને ઘાસના લીધે જીવજંતુઓનો ઉપદ્રવ પણ વધી ગયો છે. સેકટરોની શેરીઓમાં કોમન પ્લોટ ઉપરાંત જાહેર સ્થળોએ ગંદકી ખદબદતી જોવા મળી રહી છે. જયારે વરસાદના અંતે કાદવ કીચ્ચડ વચ્ચે પાંગરતી ગંદકી સફાઈના અભાવે હઠીલી બની છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ જાહેર સ્થળોએ રખડતા ઢોરનો ત્રાસ વધ્યો છે. જયારે હરિયાળા ઘાસના ચારણ માટે ખુલ્લી મુકી દેવાતી ગાયોના લીધે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ રખડતી ગાયો અને આખલાઓએ અડ્ડો જમાવ્યો છે. રખડતા આખલાના લીધે સેકટરોમાં રહીશો અનેકવાર અડફેટે ચઢે છે. અને માર્ગ સલામતી પણ જોખમાઈ છે. સેકટરોમાં બંધ સ્ટ્રીટ લાઈટો વચ્ચે રાત્રિના સમયે સન્નાટો છવાયેલો જોવા મળે છે. વરસાદ છેલ્લા બે ત્રણ દિવસથી બંધ છે. પરંતુ શહેરના સેકટરો વરસાદી સમસ્યાથી ગ્રસ્ત છે. સેકટરોમાં ગાય , ગારો અને ગંદકીનુ સામ્રાજય જોવા મળી રહ્યુ છે. મચ્છર ઉત્તપત્તિ સ્થાનો પણ વધતા રોગચાળો ગમે ત્યારે બેકાબુ બને તેવી દહેશત છે. આવા સંજોગોમાં શહેરમાં દવા છંટકાવની સાથે સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવે તેવી તાતિ અનિવાર્યતા ઉભી થઈ છે. બીજીતરફ રખડતા ઢોર પણ સેકટરોના કોમન પ્લોટમાં અડ્ડો જમાવી બેસતા રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. સેકટરવાસીઓ પોતાના નાના બાળકો માટે પણ અસલામતી અનુભવી રહ્યા છે. સ્માર્ટ સીટી ગંદકી અને રખડતા ઢોરની ચુંગાલમાં ફસાયુ છે. આમછતા કોર્પોરેશન દ્વારા આ સમસ્યાને ડામવા કોઈ નક્કર આયોજન કરવામાં આવતુ નથી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan ashirvad BENELAVE DR.FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com